# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૪-૧૦-૨૦૨૩ સમય- સાંજે-૬.૨૫**

---

## મુખ્યમંત્રી-કેબીનેટ બેઠક :

ગાંધીનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં દર બુધવારે યોજાતી કેબીનેટ બેઠકમાં આજે રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત વિષયોની સમીક્ષા કરવામાં આવી છે.સાંપ્રત મુદાઓ પર પરામર્શ બાદ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.જેમાં પથ્થરમારાની ઘટનાઓથી લઈને શાળામાં નમાજ અદા કરવા,વાયબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારી,અતિવૃષ્ટિ સહાય, અમદાવાદમાં યોજાનારી વર્લ્ડકપની પ્રથમ મેચ અને આગામી મેચોમાં દર્શકોની સુરક્ષાને લઈને સમીક્ષા સહિતના મુદ્દાઓ અંગે મંથન થયું હતું.

**જાગૃતિ વકીલ**

---

## મુખ્યમંત્રી-નાગરિકો સાથે વાતચીત :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ગુરુવારે પાંચમી ઓક્ટોબરે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે નાગરિકોને મળી વાતચીત કરશે.સામાન્યતઃ અઠવાડિયાના પ્રથમ બે દિવસે એટલે કે સોમવાર અને મંગળવારે નાગરિકો મુખ્યમંત્રીશ્રીને મળી શકતા હોય છે.પરંતુ આવખતે ઓક્ટોબર-૨૦૨૩ના પ્રથમ સોમવાર તારીખ ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિની સરકારી કચેરીઓમાં જાહેર રજા હોવાથી આ નિર્ણય લેવાયો છે.

**RNU અમદાવાદ**

---

## વિધાનસભા-પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા :

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એક ટ્વીટ સંદેશમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને શ્રદ્ધાંજલિ પાઠવતા તેમને દેશના અમૃતકાળના પ્રેરણા સ્ત્રોત જણાવ્યા છે. તો વિદેશમાં રહીને ભારતની આઝાદીના ચળવળમાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૫મી જન્મજયંતિ નિમીત્તે વિધાનસભા પોડિયમ ખાતે આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટી હીરજીભાઈ કારણીયા તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બાબુભાઈ શાહે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા તથા વિધાનસભાના અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા :

કચ્છ યુનિવર્સીટી ખાતે કચ્છી ભાનુશાલી સમાજના રત્ન અને કચ્છના સપુત પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા.કચ્છમાં ભાનુશાલી સમાજ દ્વારા તથા જીલ્લા ભાજપ સંગઠન,ભુજના નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકી સહીત નગરપાલિકાના હોદેદારો,નગર સેવકો અને પાર્ટીના કાર્યકરો દ્વારા આજે ભુજ ખાતે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.આ તબક્કે જીલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે પંડિત શ્યામજી કૃષ્ણ

વર્માનું જીવનચરિત્ર આજની પેઢી માટે પ્રેરણારૂપ છે તેવું જણાવ્યું હતું.ઉપસ્થિત મહાનુભાવોએ આ તકે કચ્છી સપૂતના જીવન ચરિત્રમાંથી બોધપાઠ લઇ દેશદાઝ માટેના શપથ ગ્રહણ કર્યા હતા.

**જાગૃતિ વકીલ**

---

## હવામાન :

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા સ્થળોએ છેલ્લા 36 કલાકમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડિગ્રી ઓછું નોંધાયું હતું.સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું.આ ઉપરાંત ભૂજમાં 37 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.છેલ્લા સપ્તાહથી વહેલી સવારે ઝાકળની ચાદર છવાતાં અદભુત વાતાવરણ સર્જાય છે.તો ગ્રામ્ય વિસ્તારમાં ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે.

જો કે,કચ્છના મોટાભાગના વિસ્તારમાં બપોરે આકરા તાપનો અનુભવ થતાં બેવડી ઋતુ રહેવા પામે છે.

**પરેશ મારૂ**

---

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-શિણાય :

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશમાં 411 મહિલા સંમેલનો યોજાશે જેના ભાગરૂપે કચ્છમાં પણ બે મહિલા સંમેલનો યોજાયા હતા.પૂર્વ કચ્છના ગાંધીધામ,મુન્દ્રા,અંજાર,રાપર,ભચાઉ તાલુકાના 32 ગામમાંથી વિવિધ મહિલા મંડળની ટીમ,શિક્ષકો,વિવિધ સંગઠન સાથે જોડાયેલો બહેનો,એન્જિનીયર, ડોકટર,વકીલના વ્યવસાય સાથે જોડાયેલી 1000થી વધુની સંખ્યામાં આ બહેનો સંમેલનમાં જોડાઇ હતી.શિણાઇ ખાતે યોજાયેલા સંમેલનમાં ભારતીય ચિંતનમાં મહિલા,મહિલાઓની સ્થિતિ,પ્રશ્ન અને કરણીય કાર્ય વિષય ચિંતન

અને અંતિમ સત્રમાં ભારતના વિકાસમાં મહિલાઓની ભૂમિકા જેવા વિષયો અંગે ચર્ચા કરાઇ હતી.

**પરેશ મારૂ**

---

## આરોગ્ય મેળો-રાપર :

કચ્છના રાપર તાલુકામાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.મોતીલાલ રાયના માર્ગદર્શન હેઠળ સંકલ્પ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.આરોગ્ય સુવિધાઓ જન જન સુધી પહોંચે તે માટે 'સંપૂર્ણ સ્વાસ્થ્ય-એક સંકલ્પ' એ થીમ અંતર્ગત વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

રાપર તાલુકાના ૬૫ હેલ્થ એન્ડ વેલનેસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ પેટા આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય મેળાનું આયોજન કરવામા આવ્યુ હતું.જે અન્વયે આરોગ્યલક્ષી સુવિધાઓ લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય મેળાઓમાં સગર્ભા માતાઓની તપાસ, બાળકોનું રસીકરણ, બિન ચેપી રોગો, હિમોગ્લોબિનની તપાસ, ટી. બી.ના શંકાસ્પદ દર્દીની તપાસ તેમજ ટી.બી. રોગ અંગે સમજણ આપવામાં આવી હતી. તેમ તાલુકા વિકાસ અધિકારીશ્રી રાપર દ્વારા જણાવાયું છે.

**માહિતી ખાતું**

---